B.S.N.L. EMPLOYEES UNION
GUJARAT CIRCLE

*M.K. Dave*
Circle Secretary, BSNLEU

20.08.2009

# અભિનંદન... ધન્યવાદ....

૪૮ કલાકની હડતાળ માં ખૂબ જ મોટી સંખ્યામાં કર્મચારીઓ જોડાયા છે અને હડતાળ ના બીજા દિવસે વધુ કર્મચારીઓ હડતાળમાં જોડાશે એવા સમાચારો મળી રહયા. ૪૮ કલાકની હડતાળ ને મળી રહેલા પ્રચંડ પ્રતિસાદ જોઈને મેનેજમેન્ટ પણ આશ્ચર્ય અનભવે છે.

ચોથા મેમ્બરશીપ વેરીફીકેશન માં યુનાઈટેડ ફોરમ/ બી.એસઅ.એન.એલ. ને ૫૩ % મતો મળ્યા હતા પરંતુ તા. ૧૯ ઓગષ્ટ ૨૦૦૯ ની હડતાળમાં ૭૦ % થી ૮૦ % કરતાં વધુ કર્મચારીઓ જોડાયા છે. તા. ૨૦ ઓગષ્ટ ૨૦૦૯ ની હડતાળ માં વધુ કર્મચારીઓ જોડાઈ રહયા છે તેવા અહેવાલ મળી રહયા છે. બી.એસઅ.એન.એલ. નું તંત્ર ખોરવાઈ રહયું છે.

એન.એફ.ટી.ઈ. અને એફ.એન.ટી.ઓ ના અનેક કર્મચારીઓ તેમના સી.એચ.કયુ. ની કામદાર વિરોધી નીતિઓ ને ધ્યાનમાં લઈને યુનાઈટેડ ફોરમ ની હડતાળમાં જોડાયા છે. આપણી માગંણીઓને ટેકો આપી રહયા છે. કેટલાક સાથીઓ રજા લઈને ફરજથી દૂર રહયા છે.

મેનેજમેન્ટ અને કેટલાક યુનિયનો ના ખોટા પ્રચાર ને યોગ્ય જવાબ આપવા માટે આજરોજ સર્કલ વાર આંકડાઓ આપવામાં આવ્યા છે.જેથી હડતાળ ની સફળતા અંગે ની શંકાઓ ને જવાબ આપી શકાય.

મેનેજમેન્ટ તરફથી આપણી વ્યાજબી માગંણી ઓનું સત્વરે સમાધાન કરવામાં નહિં આવેતો યુનાઈટેડ ફોરમ અચોકકસ મુદત ની હડતાળ કરવા માટે તૈયાર છે.

બી.એસઅ.એન.એલ.ઈ.યુ.–સી.એચ.કયુ. અને ગુજરાત સર્કલ આપ સૌ સાથીઓ, શુભેચ્છકો, સાથી યુનિયનો અને આપણા સંઘર્ષ ને સાથ આપનાર સૌ અધિકારીઓ,કર્મચારીઓ ને ધન્યાવાદ પાઠવે છે.

VAN Namboodiri
General Secretary,
BSNL Employees Union &
Convener, Unite Forum

M.K.Dave
Circle Secretary,
Gujarat Circle.

New Telephone Exchange, NAVSARI - 396445. email : mkkdave@gmail.com 094273 45333